**<u>ફોજદારી અપીલ નં.૧/૨૦૨૪</u>**

**<u>આંક–૫ ની અરજી લગત હુકમ :–</u>**

અરજી વંચાણે લીધી તેમજ અરજી લગત રજુઆતો સાંભળી. આ કામના એપેલન્ટને ટ્રાયલ કોર્ટે ઈ. પી. કો. કલમ–૪૬૫ ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી છ માસની સાદી કેદની સજા તથા રૂા.૧,૦૦૦/– નો દંડ અને દંડ ન ભરે તો વધુ ૨૫ દિવસ સાદી કેદની સજા તથા ઈ.પી.કો. કલમ–૪૬૭ ના કામે એક વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૫,૦૦૦/– દંડ અને દંડ ન ભરે તો ૩૦ દિવસની સાદી કેદની સજા તથા ઈ.પી.કો. કલમ–૪૬૮ ના કામે છ માસની સાદી કેદની સજા તથા રૂા.૨,૦૦૦/– દંડ અને દંડ ન ભરે તો વધુ ૩૦ દિવસની સાદી કેદની સજા તથા ઈ.પી.કો. કલમ–૪૦૮ ના ગુનામાં એક વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૫,૦૦૦/– દંડ અને દંડ ન ભરે તો ૩૦ દિવસની સજાનો હુકમ તથા કુલ રૂા.૧૩,૦૦૦/– દંડ કરેલ અને તમામ સજા એકી સાથે ભોગવવાનો હુકમ કરેલ છે. જે હુકમથી નારાજ થઈ એપેલન્ટ તરફથી હાલની અપીલ દાખલ કરવામાં આવેલી છે અને તે સાથે હાલની અરજી આપી ટ્રાયલ કોર્ટનો હુકમ અપીલ ચાલતા સુધી મોકુફ રાખવાની માંગણી કરી છે. અપીલમાં મહત્વના કાયદાકીય પ્રશ્ન સમાયેલા છે અને અપીલનો નિર્ણય તાત્કાલીક થઈ શકે તેમ નથી. વધુમાં એપેલન્ટ તરફેની રજુઆત મુજબ નીચેની કોર્ટ દવારા અપીલ સમય સુધી સજાના હુકમની અમલવારી મોકુફ રાખવાનો હુકમ કરવામાં આવેલ છે. જેથી નીચેની કોર્ટે કરેલ સજાનો હુકમ અપીલ ચાલતાં સુધી મોકુફ રાખવા માટે તેમજ એપેલન્ટ / આરોપીને અપીલ ચાલતા સુધી જામીન મુકત કરવાના વ્યાજબી કારણો હોવાનું આ અદાલતનું માનવું છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

**૧.** એપેલન્ટની હાલની અરજી મંજુર કરવામાં આવે છે અને ટ્રાયલ કોર્ટે ફો. કેસ નં.૫૭૫/૨૦૧૬ ના કામે કરેલ સજાનો હુકમ એપેલન્ટ / આરોપી રૂા.૧૫,૦૦૦/– ના જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજુ થયેથી હાલ પુરતો મોકુફ રાખવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૨. એપેલન્ટ / આરોપીએ અપીલની સુનાવણી દરમ્યાન અત્રેની અદાલતમાં હાજર રહેવું.

૩. જામીન ટ્રાયલ અદાલતમાં આપવા.

૪. હુકમ અંગે યાદી કરવી.

હુકમ આજ તારીખ ૦૪ થી, માહે માર્ચ સનેઃ ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

વંથલી.
તા.૦૪/૦૩/૨૦૨૪

**એન. આર. જૈન**
ચોથા એડીશનલ સેશન્સ જજ, વંથલી.
Code No.GJ00582